ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
વડી કચેરી, "પર્યાવરણ ભવન"
ગાંધીનગર

# પરિપત્ર

વિષય: જોખમી તથા અન્ય કચરા (વ્યવસ્થાપન અને સીમાપાર હેરફેર) નિયમ-૨૦૧૬ અંતર્ગત રૂલ-૧૯ અન્વયે જોખમી કચરાની પરિવહન માટેની મેનીફેસ્ટની નકલો જમા કરાવવામાં છૂટ બાબત.

જોખમી તથા અન્ય કચરા (વ્યવસ્થાપન અને સીમાપાર હેરફેર) નિયમ-૨૦૧૬ અંતર્ગત રૂલ-૧૯ અન્વયે જોખમી કચરાના પરિવહન દરમ્યાન મેનીફેસ્ટની વિવિધ ૭ નકલ બનાવવાની રહે છે જે પૈકીની મેનીફેસ્ટની (Copy 1) વેસ્ટ જનરેટર દ્વારા તથા મેનીફેસ્ટની (Copy 5) Actual User/ disposal facility દ્વારા SPCB ખાતે જમા કરવાની રહે છે. હાલમાં ઔદ્યોગિક એકમો દ્વારા તેની હાર્ડ કોપી બોર્ડમાં જમા કરાવવામાં આવે છે.

બોર્ડ દ્વારા જોખમી કચરાના પરિવહનના દેખરેખની વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે online manifest સિસ્ટમ કાર્યરત કરેલ છે જે એકમ માટે ફરજીયાત અને સક્ષમ રીતે સંપુર્ણ રીતે અમલવારીમાં છે. નિયમ અંતર્ગત મેનીફેસ્ટની જે તે નકલને SPCB ખાતે જમા કરાવવા અંગેની જરૂરીયાત પરત્વે જ્યારે XGN ઉપર કાર્યરત ઓનલાઈન મેનીફેસ્ટ સીસ્ટમ થકી ડીજીટલી અને જરૂરીયાત અનુસાર મેનીફેસ્ટ રીટ્રાઈવ કરી શકાય તેમ છે ત્યારે જે તે ઉધોગ દ્વારા ઉપરોક્ત મેનીફેસ્ટની નકલ 1 અને 5ની જમા કરાવવામાં આવી રહેલ હાર્ડકોપીનું સીધુ મહત્વ રહેતું નથી અને "Duplication of Submission" થતું હોય તેમ જણાય છે અને મોટી માત્રામાં કાગળનો નિવારી શકાય તેવો બિનજરૂરી ઉપયોગ થઈ રહેલ છે.

વધુમાં બોર્ડ દ્વારા કાગળનાં વપરાશના ઘટાડાની દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહેલ છે જેને પ્રોત્સાહન આપવા અર્થે મેનીફેસ્ટ રેકોર્ડ માટે નીચે મુજબ નિર્ણય લેવામા આવે છે.

૧. રાજ્યના ઉધોગમાંથી નિકળતો અને રાજ્યમાં જ ઓથોરાઈઝ્ડ ફેસેલીટી/ઉદ્યોગ ખાતે જોખમી કચરાનો છેવટનો નિકાલ કરવામાં આવતો હોય તો ઓનલાઈન બનાવેલ મેનીફેસ્ટની physical copy/હાર્ડ કોપી બોર્ડમાં જમા કરાવવાની જરૂરીયાત નથી.
૨. જોખમી કચરાનુ અન્ય રાજ્યમાં હેરફેર/તથા અંતિમ નિકાલ કરેલ હોય તો અન્ય રાજ્યની Actual User/Cement Industry દ્વારા Final નિકાલ કર્યા બાદ નિયમોનુસારની કાર્યપધ્ધતિ અનુસરીને મેનીફેસ્ટની Physical copy/હાર્ડ કોપી બોર્ડમાં જમા કરાવવાની રહેશે.

જોખમી કચરાના મેનીફેસ્ટ રેકોર્ડ અંગે ઉપરોક્ત બાબતોની નોંધ લેવા જણાવવામાં આવે છે.

D. M. Thaker 30/6/2022
(ડી.એમ.ઠાકર)
સભ્ય સચિવ

નં. ગુ.પ્ર.ની.બોર્ડ /હેઝા.યુનીટ-જન-૫૯૮/676565

તા. 30 JUN 2022